સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

હજી કેમ વધે મોંઘવારી, એનું ચિંતન શરૂ!
હજી કેમ વધે જૂથબંધી, એનું ચિંતન શરૂ!
ચિંતન શરૂ, કેમ વધે ખાયકી અને કૌભાંડો -
હજી કેમ વધે ગુન્હાખોરી, એનું ચિંતન શરૂ..

હાઈકુ

શરૂ થઇ ગ્યો!
આ, ખેલ-મહાકુંભ -
લોકસભાનો..

કપાય પ્રજા,
ભાવ વધારાના
વિષયક્રથી..

ચિંતન

વિદ્યા વિવાદાય ધનં મદાય, શક્તિઃ પરેષાં પરિપીડનાય ।
ખલસ્ય જ્ઞાદ્યો વિંપરીત મેતદ જ્ઞાનાય દાનાય ચ રક્ષણાય ॥

દુર્જનની વિદ્યા સામાન્યતઃ વાદ-વિવાદ કરવા માટે જ હોય છે, દુર્જનની પાસેનું ધન તેના અભિયાનને જ પોષણ આપે છે, જો દુર્જન બળુકો-શક્તિશાળી હોય તો તેનું બળ બીજાઓને પીડવ માટે જ તેનું પ્રયોજન હોય છે.

આનાથી વિપરીત જો સજ્જનની પાસે વિદ્યા હોય તો તે બીજાઓને પણ મદદરૂપ થઇ જ્ઞાન આપે છે. અને સજ્જન પાસે ધન હોય તો જરૂરિયાતમંદોને દાન આપવામાં તેનો ઉપયોગ થાય છે. જો સજ્જન બળુકો-શક્તિમાન હોય તો તેની શક્તિનો ઉપયોગ નબળાં-અશક્ત લોકોના રક્ષણ માટે કરે છે.'

આજના યુગનાં બળિયાના બે ભાગનું સૂત્ર પ્રવર્તમાન છે, સત્તામાં હોય તો 'જેના હાથમાં તેના માં માં'નું સૂત્ર લાગુ પડે છે. જે જ્ઞાની-ભણેલો કે કોઇ વિદ્યા-ટેકનીકલ જાણકારી હોય તો બીજાને મદદરૂપ થવાને બદલે તે વિદ્યાનો દુરૂપયોગ માત્ર 'કમાણી'માં કરવામાં આવે છે, આમ દુર્જન પાસે જો વિદ્યા હોય તેનો અન્યને લાભ આપવા કરતાં બીજાની પાસે ખોટો વાદ-વિવાદમાં વિશેષ ઉપયોગ કરે છે. બળનો ઉપયોગ નબળાંને પીડવામાં કરે છે.

જ્યારે સજ્જન, વિદ્યા, ધન અને શક્તિનો સદુપયોગ કરી સમાજ સેવા કરે છે.

સુવિચાર

- **જે મનુષ્ય પ્રસંગ અનુસાર બોલે, સ્વભાવ અનુસાર (સામેવાળાના) વર્તે, અને શક્તિ અનુસાર ગુસ્સો કરે એ બુધ્ધિમાન છે - શેખ સાદી**
- **જે ગુસ્સે થઇ જ નથી શકતો તે મૂર્ખ છે પણ કારણ છતાં પણ જે ગુસ્સે થતો નથી તે બુધ્ધિમાન છે - જ્યોર્જ શાન્તાયન**
- **સ્ત્રી, (પ્રેમિકા), આહાર, પુણ્ય, ધન, ગુણ, દુરાચાર, મર્મ અને મંત્ર આટલી બાબતો જે ગુપ્ત રાખી શકે તે બુધ્ધિમાન છે - સુભાષિત**
- **મિત્રને વિનયથી, ભાઇઓને સન્માનથી, સ્ત્રીને માનથી સેવકોને દાનથી અને અન્યોને ચતુરાઇ પૂર્વક જે વશમાં રાખી શકે તે બુધ્ધિમાન છે - હિતોપદેશ**
- **તક અને સુવિધાઓનો તાત્કાલિક ઉપયોગ કરી લેનાર બુધ્ધિમાન છે - રોબોવ**
- **દરેક પ્રકારના વ્યવહારમાં જે 'અતિ' ત્યાગ કરી મધ્યમ રહે છે તે બુધ્ધિમાન છે- ભારવિ**
- **જે માણસ મુશ્કેલી-આપત્તિ-સાહસનું સ્વાગત કરે છે તે બુધ્ધિમાન છે- એસ. ભટ્ટાચાર્ય**

બોધ કથા

કમાવું અને ચિક્કાર કમાવું એ બે વચ્ચે ભેદ છે. ધન સાધન છે, એ સગવડ આપી શકે પણ સુખ ન આપે. પૈસાથી સુખ પકડવાની વૃત્તિ મૃગજળમાં માછલાં પકડવા જેવી છે લાખોપતિની નજર કરોડપતિ થવામાં અને કરોડપતિની અબજોપતિ થવા પર છે. શ્રીમંત માણસ જ સફળ ગણાય છે. એ જ 'શક્તિમાન' અને સફળ કહેવાય છે.

એક યુવાન અને પ્રૌઢ પડોશી હતા. બંને કમાવા માટે નદી પાર જતા. પ્રૌઢનો ધંધો હતો અને સારી કમાણી થતી જ્યારે યુવાન મજૂરી કરતો, ક્યારેક તો ખાલી હાથે પણ પાછા જવું પડતું.

એક દિવસ ખૂબ વરસાદ આવ્યો. એમના ઘરના રસ્તે એક નાળું આવતું હતું, નાળું છલકાઇ ગયું. પાણીની ગતિ વધારે હતી. પણ પહોળાઇ આઠેક ફૂટ હતી.

પેલો પ્રૌઢ તો હિંમત કરી નાળુ કૂદી ગયો - પણ યુવાનની હિંમત ન ચાલી, એ પાણી ઓછું થવાની રાહ જોતો બેસી રહ્યો.

એક સંત આ બંને ને જોતા હતા. એને આશ્ચર્ય થયું. પેલો પ્રૌઢ કૂદી ગયો અને યુવાન કેમ કૂદી ન શક્યો? એણે યુવાનને એનું કારણ પૂછ્યું, યુવાને દબાતા અવાજે જવાબ દીધો, એનું ખીસ્સું ગલ્લાની કમાણીથી ભરેલું હતુ, અને મને આજે મજૂરી જ મળી નથી.' પૈસાની ગરમી હોય છે, તાકાત હોય છે, પૈસાની ચાલ જુદી જ હોય છે.

માનવીઓના શરીરની ચામડી પર પ્રતિ ચોરસ મીટર ભાગમાં ૨૦ લાખ જેટલા વાળ હોય છે, જ્યારે હાથીની ચામડી પર પ્રતિ ચોરસ મીટર ભાગમાં ૧૫૦૦ જેટલા જ વાળ છૂટા છવાયા જોવા મળે છે

વન્યસૃષ્ટિ પરિચય
હાથીના વાળ
- હેમંત સુથાર

પ્રાણી શરીર પર વાળ એક મહત્ત્વનું અંગ ગણાય છે. પ્રાણી સૃષ્ટિમાં થયેલ વિવિધ પ્રાણીઓના વર્ગીકરણમાં સસ્તન પ્રાણીઓ તેમના શરીર પર વાળની ઉપસ્થિતિને કારણે અલાયદી વર્ગીકૃત કરવામાં આવે છે. પક્ષી, સરિસૃપ, ઉભયજીવીઓ, માછલીઓનાં અન્ય વર્ગમાં સામેલ તમામ પ્રાણીઓ શરીર પર વાળ હોતા નથી. કીટકોમાં પણ વાળ જોવા મળતાં નથી.

ભેજ કે વરસાદ, ગરમી, ઠંડી, પ્રકાશ, હવા વગેરેથી સસ્તન પ્રાણીઓને વાળ દ્વારા રક્ષણ મળે છે. ઠંડા પ્રદેશોમાં વસવાટ કરતાં પ્રાણીઓના શરીર પર તેજ જાતિના અન્ય વિસ્તારના પ્રાણીઓ કરતાં વાળ/રૂંવાટીનું પ્રમાણ વિશેષ હોય છે. ગીચ જંગલોમાં ગુફાઓમાં રહેતાં રીંછના આખા શરીર પર વાળ જોવા મળે છે. તેની મદદથી રીંછ, ભેજ, ઠંડી અને કીટકોથી રક્ષણ મેળવે છે. કોઇ દુશ્મન પ્રાણી હુમલો કરીને તેના શરીરને ઇજા ન પહોંચાડી શકે તે પણ એક લાભ નોંધી શકાય. કાંટાવાળા શાહુડીના કાંટા પણ વાળનું જ એક સ્વરૂપ છે. તે જ રીતે શીંગડાવાળા પ્રાણીઓ પૈકી ઘણાંના શીંગડા વાળનું રૂપાંતરણ છે. તેવા પ્રાણીમાં ગેંડાના શીંગડા નોંધપાત્ર છે.

કીડીંખાઉ એટલે કે પેંગોલીન એક સસ્તન પ્રાણી છે. તેની ખાત્રી તથા ઓળખ તેના શરીર પરના ભીંગડાઓની વચ્ચે વાળની ઉપસ્થિતિને આધારે થઇ શકે છે. ઘણી પ્રાણીઓની જાતિમાં નર પ્રાણી અને માદા પ્રાણીની ઓળખ તેના શરીર પર ચોક્કસ જગ્યા પરના વાળના પ્રમાણને આધારે પણ થઇ શકે છે. માનવીઓમાં સ્ત્રીઓના શરીર પર પ્રમાણમાં ઓછા વાળ હોય છે. જ્યારે પુરૂષોમાં વાળનું પ્રમાણ શરીરના વિવિધ ભાગો પર વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

આપણે અહીંયા પૃથ્વી પરનાં જમીન પરના સહુથી વજનદાર તથા વિશાળ કદના પ્રાણી હાથીના શરીર પરના વાળની વિશિષ્ટતાની વાત કરી રહ્યાં છીએ.

માનવીઓના શરીરની ચામડી પર પ્રતિ ચોરસ મીટર ભાગમાં ૨૦ લાખ જેટલા વાળ હોય છે. જ્યારે હાથીની ચામડી પર પ્રતિ ચોરસ મીટર ભાગમાં ૧૫૦૦ જેટલા જ વાળ છૂટા છવાયા જોવા મળે છે. અન્ય પ્રાણીઓમાં વાળ શરીરને ઠંડીથી રક્ષણ આપીને શરીરને ગરમ રાખવાનું મુખ્ય કાર્ય કરે છે. તેનાથી વિપરિત હાલમાં જ થયેલા એક સંશોધન મુજબ હાથીના શરીર પરના વાળ હાથીને તેનું શરીર ઠંડુ રાખવામાં મદદરૂપ બને છે. હાથીની ચામડી જાડી અને કાળા રંગની હોય છે. તેમના શરીરનું વજન અને કદ વધુ હોઇ વિવિધ દૈનિક પ્રવૃત્તિ દરમિયાન શરીર ઝડપથી ગરમ થઇ જાય છે. આ માટે હાથીના વાળ ઇન્સ્યુલેટર (અવાહક) તરીકેનો રોલ ભજવીને શરીરને ઠંડુ રાખવામાં મદદરૂપ બને છે.

પ્રિન્સેન્ટોન યુનિવર્સિટીના પર્યાવરણ એન્જીનીયર એલી બૌ મેદના એક અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું કે એક પુખ્ત હાથીને સમગ્ર દિવસ દરમિયાન શરીરમાં મોટા પ્રમાણમાં પેદા થયેલી ગરમી બહાર મુક્ત કરવાની જરૂર ઊભી થાય છે. આ માટે તેના શરીર પરના પીઠ અને માથાનાં ભાગમાં આવેલા વાળ હવાની નાની અમથી લહેર આવે તો પણ ૨૩ ટકા જેટલી ગરમી મુક્ત કરી લે છે.

વિશ્વમાં હાથીની આફ્રિકન હાથી અને એશિયાઇ હાથી એમ બે પ્રજાતિઓ જોવા મળે છે. એશિયાઇ હાથીના શરીર પર વાળનું પ્રમાણ આફ્રિકન હાથી કરતાં વધુ જોવા મળે છે. એશિયાઇ હાથીઓ મોટા ભાગે ભેજવાળા જંગલોમાં વસવાટ કરે છે તેના કારણે તેને બહારની ગરમીનો સામનો આછો કરવાનો થાય છે. તેથી તેમના શરીર પર વધુ વાળ જણાય છે. જ્યારે આફ્રિકન હાથી સવાના અને કાંટાળા પ્રકારના વનોમાં વસવાટ કરતાં હોઇ તેમને બાહ્ય ગરમીનો સામનો વધુ કરવો પડે છે, તેથી તેમા શરીર પર વાળનું વધુ પ્રમાણ હોવાનું મનાય છે. આ જ રીતે યુવાન હાથીના શરીર પર વધુ વાળ હોય છે. જ્યારે વધુ ઉંમરવાળા હાથીના શરીર પર વાળનું પ્રમાણ ઓછું હોય છે. આ રીતે શરીર પર જેમ વાળનું પ્રમાણ ઓછું તેટલું શરીર ઠંડુ રહી શકે છે. વધુ વાળ હોવાથી શરીરની ગરમી બહાર જવામાં અવરોધ થતો હોઇ શરીર પ્રમાણમાં ગરમ રહે છે.

અદૃશ્ય માછલીઓ :

રૂપેરી રંગની સાર્ડીન્સ, સ્પ્રાટ અને હેરીંગ જાતની માછલીઓ તેમનાં દુશ્મનોની નજરે ચઢતી નથી. આવી માછલીઓ તેમના દુશ્મનો જોઇ ન શકે તેવા રંગો ધારણ કરી શકે શકે છે. આવાં અદૃશ્ય કે ન જોઇ શકાતી માછલીઓની ચામડી વિશિષ્ટ પ્રકારની ક્રિસ્ટલાઇઝ હોય છે. તેમનાં શરીર પર પડતાં પ્રકાશનું તે એ રીતે પરાવર્તન કરે છે કે તેના કારણે તે જોઇ શકાતી નથી. આસપાસના પર્યાવરણમાં હયાત પ્રકાશમાં તે તેની આ શક્તિથી એ રીતે ભળી જાય છે કે તેને જોવી મુશ્કેલ બની જાય છે. સ્વ રક્ષણ માટે માછલીઓના નિયમોનું કેટલું અસરકારક અમલીકરણ કરવામાં આવ્યું છે તે એક આશ્ચર્યજનક ઘટના કહ્ય શકાય.

કેવી છે આવક વેરાની નવી ઇ-ફાઇલીંગ વેબસાઇટ

નાણાંકીય માર્ગદર્શન
- અજીતસિંહ શેખાવત, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

છેલ્લા અમુક વર્ષોમાં ઇન્કમટેક્ષ રીટર્ન ઇ-ફાઇલીંગ કરવાનું ચલણ વધી ગયું છે. નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨માં ફાઇલ થયેલા રીટર્નોની સંખ્યા નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ઇ - ફાઇલ થયેલો રીટર્નો કરતાં ૮૦ ટકાથી પણ વધારે હતી.

ભારતભરમાં ઇ-ફાઇલીંગ રીટર્નોની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાત રાજ્ય બીજા ક્રમે આવે છે. આમ ધીરે ધીરે ઇ-ફાઇલીંગનું મહત્ત્વ વધતું જાય છે. તે જોતા આવકવેરા વિભાગે કરદાતાઓને વધુ સારી સેવાઓ મળે અને ઇ-ફાઇલીંગ વધુ સરળ થાય તે હેતુસર હાલમાં તેમની ઇ-ફાઇલીંગ વેબસાઇટ નવું સ્વરૂપ આપ્યું. નવી ઇ-ફાઇલીંગ વેબ-સાઇટમાં સારા એવા પ્રમાણમાં નવી વિશેષતાઓ ઉમેરવામાં આવી છે. અમુક ખાસ વિશેષતાઓમાં નીચેની વિશેષતાઓ લઇ શકાય.

(૧) નવી વેબસાઇટમાં અલગ અલગ વર્ગો માટે અલગ અલગ લોગ - ઇનની સુવિધા આપેલી છે. જેમ કે ટેક્ષ પેયર માટે જુદુ લોગ - ઇન, પ્રોફેશનલ માટે જુદ લોગ ઇન.

(૨) નવી વેબસાઇટમાં ઝડપથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની મદદ વગર રીટર્ન ભરી શકાય તે માટે ક્વિક ઇ-ફાઇલીંગની સુવિધા આપવામાં આવી છે. હાલમાં આ સુવિધા ફક્ત આટીઆર-૧ માટે ઉપલબ્ધ છે. તેની મદદથી કરદાતાઓને રીટર્ન ફાઇલ કરવામાં સરળતા રહેશે અને ઝડપથી રીટર્ન ફાઇલ કરી શકાશે.

(૩) વેબસાઇટમાં લોગ ઇન કરતા પાછલાં વર્ષોનાં ITR-V એક જ પેજ ઉપર જોઇ શકાય તેવી સુવિધા આપવામાં આવેલી છે. આ બધા ફોર્મ એકજ પેજ ઉપર જોઇ શકાશે અને તેને ડાઉનલોડ પર કરી શકાશે.

(૪) નવી વેબસાઇટમાં ઇન્ટન્ટ એસએમએસ અને ઇ-મેલની સર્વિસ શરૂ કરવામાં આવી છે. તેમાં રજીસ્ટર્ડ થવાથી કરદાતાઓને રીમાઇન્ડર્સ અને નોટીફીકેશન તેમના ઇ-મેલ કે મોબાઇલ ઉપર મળી રહેશે.

(૫) નવી વેબસાટિમાં ટેક્ષ કેલક્યુલેટર નામની સર્વિસ આપવામાં આવે છે. તેનાથી કરદાતાઓને પોતાના ટેક્ષની ગણતરી કરવામાં સરળતા રહેશે.

(૬) કરદાતાઓની ફરિયાદો માટે ખાસ સુવિધા આપવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરીને કરદાતાઓ પોતાની ફરિયાદો ઓનલાઇન નોંધાવી શકે છે.

(૭) અત્યાર સુધી જે કરદાતા ઓડિટ કરાવાને પાત્ર હોય તેવા કરદાતાઓ એ ઇ-ફાઇલીંગ કરતી વખતે ઓડિટ રીપોર્ટ બીડવો ફરજિયાત ન હતો. પરંતુ નવી ઇ-ફાઇલીંગ વેબ-સાઇટમાં ઇ-ફાઇલીંગ કરતી વખતે કરદાતાઓ એ હવેથી ચાર્ટ્ર્ડ એકાઉન્ટન્ટ દ્વારા આપેલ ઓડિટ રીપોર્ટ પોતાના રીટર્નની સાથે બીડવો અનિવાર્ય થશે.

(૮) નવી વેબસાઇટ જે કરદાતા ઓડિટ કરાવાને માટે વધારે માહિતી અને સમય આપવો પડશે. જે આ વેબસાઇટનું નકારાત્મક પાસું કહી શકાય.

ધ્યાનસ્થ થઇ વિઝિટ બુકમાં એકાગ્ર ચિત્તે અભિપ્રાય લખી રહેલાં ડૉ. દિવંગત દેસાઇને વિઝિટ બુકમાં આખું પાનું ભરાઇ ગયું એનો અંદાજ જ ન રહ્યો

દરદી વાર્તા
- કેશુભાઈ દેસાઈ

પંચટીલા પર પાંગરી ઊઠેલી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નામ સાથે સંકળાયેલી એ ભવ્ય યુનિવર્સિટીના પંદરમા સ્થાપના દિનનું મંગલ પ્રવચન આપીને તાળીઓનાં ગળગળાટ વચ્ચે સ્વસ્થાને બિરાજેલાં ડૉ. દિવંગત દેસાઇને વારંવાર મોબાઇલમાં નજર કરી લેતા જોઇ કુલપતિએ પૂછ્યું: કોઇ ખાસ મેસેજ છે કે શું? બહુ સરસ બોલ્યા પછી બહું જ ચિંતાતુર લાગો છો!

'ખરેખર જોવાલાયક સંસ્થા છે. આપણા દેશનાં પ્રથમ આરોગ્ય પ્રધાન અને ગાંધીજીનાં અંતેવાસી ડૉ. સુશીલા નૈયરનું સપનું સાકાર થયું છે... સેવાગ્રામ અને પનવાર જેવું જ પરમ પવિત્ર સ્થળ બની રહ્યું છે એ. તમે નહીં માનો, એ હૉસ્પિટલ આસપાસનાં ત્રણચાર રાજયોના ગરીબ દરદીઓ માટે આશીર્વાદરૂપ બની રહી છે. વર્ધા ઉપરાંત નજીકના આંધ્રપ્રદેશના દરદીઓ એનો લાભ લે છે. અરે, મધ્યપ્રદેશ અને છત્તીસગઢથી લોકો ખેંચાઇ આવે છે. શુભ સંકલ્પથી શરૂ થયેલી સંસ્થા છે સાહેબ! એના પર હાજરાહજૂર બાપુના ચારે હાથ છે!'

ડૉ. દેસાઇને એ બધું સાંભળવામાં રસ નહોતો. હૉસ્પિટલ ચાલુ થઇ હોય એટલે દરદી તો આવે જ ને વળી!

પણ અત્યારે તો એ પોતે જ - શું ખરેખર? એમણે જાતતપાસ માંડી : અલ્યા ભાઇ, તું તો અહીં મોંઘેરા મહેમાન તરીકે આવ્યો હતો. દવાખાનું જોઇને દરદી બની જાય તે શોભે કે? એ ઊંડા ઊતરી ગયા. બરાબર ત્રણ વરસ પહેલાં જ શહેરમાં રાષ્ટ્રભાષા વિશે યોજાયેલા પરિસંવાદમાં ભાગ લેવા આવ્યા હતા. ત્રણ દિવસના એમના રોકાણ દરમિયાન એ નગરની આગવી ઓળખ બની રહેલી મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલની મુલાકાતે પણ જઇ આવ્યા હતા. ગાંધીનું તપ કેવાં કેવાં રૂપ ધરીને મહોર્યું હતું! ગુજરાત કરતાં ગાંધીએ વધારે વર્ષો તો વર્ધાની સીમમાં ગાળ્યાં હતા. એમનાં સિધ્ધાંતોને આચરણમાં મૂકનારા સંત વિનોબાએ પણ નજીક પનવારના સીમાડામાં આશ્રમ સ્થાપ્યો હતો. બબ્બે ઋષિઓનાં તપ આ પંથકની આગવી જાહોજલાલી બની ગયાં છે. દુનિયા આખી એની વણઉકલી સમસ્યાઓના ઉકેલ શોધતી અહીં દોડી આવે છે તે અમથી!

'સર, તમને થોડાં પુસ્તકો આપવામાં છે.' એણે મીઠું મધ સ્મિત રેલાવી કહ્યું હતું: 'આ વિઝિટબુકમાં આપનો અભિપ્રાય પણ લખવાનો છે! ડૉ. દિવંગત દેસાઇને એ રેશમી સ્પર્શ ભુલાયો નહોતો - ત્રણ ત્રણ વર્ષ વીતી ગયા પણ એનું ગુલાબી સ્મિત એમની નજરમાં અકબંધ સચવાઇ રહ્યું હતું, કોઇ મહામૂલી જણસની જેમ.

એણે મહાત્મા ગાંધી, કસ્તુરબા અને ડૉ. સુશીલા નૈયર વિશેનાં ડઝનેક પુસ્તકો બઝાડી દીધાં હતા. ડૉ. દિવંગત દેસાઇએ વિઝિટબુકમાં લખ્યું હતું: જે ત્રણ વિભૂતિઓને મેં નજરે જોઇ નથી એમનો એકીકૃત સૌંદર્યબોધ અમને સંસ્થાના જાજરમાન પબ્લિક રિલેશન ઑફિસર સુશ્રી ભારતીના આતિથ્યમાં વરતાયો. સત્ય, અહિંસા અને સેવા જ્યારે મૂર્ત સ્વરૂપે અવતરે છે ત્યારે કોઇ એક ભારતી જન્મે છે. ભારતીએ વિશ્વચેતનાનો, અલૌકિક શાશ્વત પ્રેમનો પર્યાય છે. ઇશ્વરે એને ખાસ આ સંસ્કાર ખજાનાની રખેવાળી માટે મોકલી લાગે છે. આરસની પૂતળી જેવી આ નવયૌવનાનાં દર્શન માત્રથી તૃપ્ત થઇ જવાયું. સેવાગ્રામ અને પનવારનું તપ સૌંદર્યમાં અનુવાદિત થયું. હોય એવી પ્રતીતિ થઇ. વિશ્વસુંદરી બની શકે એ બરની યુવતીએ આ કસ્તુરબા અને સુશીલા નૈયરની સંસ્થા સાથે જોડાવાનું પસંદ કર્યું, તે જ શું એકવીસમી સદીનું આશ્ચર્ય નથી? હૉસ્પિટલમાં દીનદુખિયાં લોક એને જોઇને જ એમનું અડધું દરદ ભૂલી જતાં હશે. મને તો પાકે પાયે વહેમ પડે છે: આ ભારતી શેગાંવકર સ્વર્ગનો રસ્તો ભૂલી સેવાગ્રામમાં ભૂલી પડેલી કોઇ મેનકા કે ઉર્વશી તો નહીં હોય!'

ધ્યાનસ્થ થઇ વિઝિટ બુકમાં એકાગ્ર ચિત્તે અભિપ્રાય લખી રહેલાં ડૉ. દિવંગત દેસાઇને વિઝિટ બુકમાં આખું પાનું ભરાઇ ગયું એનો અંદાજ જ ન રહ્યો. હોસ્પિટલ વિશે બે શબ્દો લખવાના હતા એને બદલે ભારતી શેગાંવકર વિશે આખેઆખું ગદ્યકાવ્ય લખાઇ ગયું. પાનું પૂરૂં થઇ ગયું ત્યાં અચાનક પાછળ ઊભું ઊભું કોઇ હિમાલયના ઝરણા જેવું હસી પડ્યું. ડૉ. દિવંગત દેસાઇએ છોભીલા પડીને જોયું તો લુબ્ધ નજરે એમની સામે ટીકી રહેલી પીઆરઓ બોલી ઊઠી: એકાદ વાક્ય હૉસ્પિટલ વિશે તો લખવું'તું!

ડૉ. દેસાઇએ ઉતાવળે આટોપતાં લખ્યું: આ હૉસ્પિટલમાં દરદી તરીકે દાખલ થવા મળે એ તો પરભવનાં કોઇ પુણ્યનો ઉદય ગણાય.

'બરાબર? એમણે કલમ મ્યાન કરતાં વિજેતાની મુદ્રામાં પૂછ્યું હતું: 'એક જ વાક્યમાં હૉસ્પિટલ વિશે કહેવા જેવું કહી દીધું ને?'

ફરી એક વાર ભારતીએ એનું લાક્ષણિક સ્મિત વેર્યું. દંતાવલી ચમકી ઊઠી ગાલનાં ખંજન ટહુકી ઊઠ્યાં. 'આજે તો આપ સંસ્થાના માનવંતા મહેમાન છો. ડિનર આપણે અહીં જ લઇશું. સંસ્થાના અતિથિગૃહમાં રોકાશ તો અમને લોકોને સેવાનો વિશેષ લહાવો મળશે.'

ડૉ. દિવંગત દેસાઇ ના પણ શી રીતે પાડે? વર્ષાની એ મુલાકાત યાદગાર બની રહી હતી. એ તે મુલાકાત હતી કે સપનું? ક્યારેક ડૉ. દેસાઇને પોતાની સ્મૃતિ અને સમજણ વિશે જ શંકા જાગતી. સુખ ક્ષણિક હતું, પણ હતું તો એ સ્વર્ગીય સુખ. એવી અપ્સરા સાથે ડિનર લેવું, એ કોઇ નાનુસૂનું સન્માન નહોતું. હૉસ્પિટલના ટ્રસ્ટીઓને મન ભલે એ બીજા કર્મચારીઓ જેવી કર્મચારી હશે, પરંતુ ડૉ. દિવગંત દેસાઇ તો કવિ હૃદય ધરાવતા જુદી દુનિયાનાં માનવી હતા. એમનાં માપદંડ પણ જુદાં જ હોય ને!

કાર્યક્રમ આટોપાયા પછી એ ઉતાવળે તળેટી સ્થિત નાગાર્જુન સરાયના એમના ઉતારા ભણી દોડ્યા : મારે સમયસર પહોંચવું જોઇએ. સંસ્થામાં મારી રાહ જોવાઇ રહી છે. શનિવારે અડધી રજા હોવા છતાં બિચારી છોકરી મારે માટે - એમનાં મનમાં જલેબીનાં ગૂંચળાં વળવાં લાગ્યા. એમને ઉમંગમાં આવી જઇ ભારતી શેગાંવકરને મોબાઇલ જોડ્યો. કેટલે છો? મારે જરા મોડું થયું છે, પણ હું મારા ઉતારા પર પહોંચવામાં જ છું...

'સર' એ ટહુકી, 'તમારે માટે ગાડી મોકલી દીધી છે. ડ્રાઇવર તમને ઓળખે છે. પનવાર અને સેવાગ્રામ જોઇને અમારા ગેસ્ટહાઉસ પર પધારો. આપના ડિનર અને ઉતારા માટે સૂચના આપી દીધી છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૨૦મી જાન્યુઆરી

- મહાન કલાવિદ તત્ત્વચિંતક લેખક, જહોન રસ્કિનની પુણ્યતિથિ. ૧૮૧૯માં તેમનો જન્મ થયો. ચિત્રકલાના સૌંદર્ય મીમાંસક. 'અન ટુ ધિસ લાસ્ટ' તેમનો સામાજિક જીવન વિચારણાનો ગ્રંથ. જગવિખ્યાત રસ્કિન - ૧૯૦૦માં અવસાન પામ્યાં.

- ૧૮૯૦ - રશિયાના સાક્ષર 'બોરિસ પેસ્ટરનેક'નો જન્મ.
- ૧૯૩૬ - શહેનશાહ જોર્જ પંચમનું લંડન નજીક સેન્ડ્રિંગહામ ખાતે અવસાન.

- ૧૯૮૦ - અગ્રગણ્ય શ્રેષ્ઠિ કસ્તુરભાઇ લાલભાઇનું અવસાન.

ભારત સરકારના નવા બિલ્ડીંગ બાયોલોઝ અંગે સમજૂતિ (ધી રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ બીલ)

વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી

દરેક માણસનું સપનું હોય છે કે પોતાનું ઘરનું ઘર હોય તેમજ ધંધાની જગ્યા પોતાની માલિકીની હોય, પોતાની જીવનભરની કમાણી ઘરનાં ઘરમાં ખર્ચી નાખે છે. તેવાં સંજોગોમાં બિલ્ડરો દ્વારા બિલ્ડઅપ સુપર બિલ્ડઅપની મોહજાળમાં **આમ આદમી ફસાય છે અને છેતરાય છે. જેના કારણે આમ જનતા સાથે છેતરપીંડી કરનાર ડેવલોપર્સ, બિલ્ડર્સ સામે કાયદેસર અસરકારક કાર્યવાહી થઇ શકે તે માટે સક્ષ કાયદો તૈયાર થઇ રહ્યો છે. જૂના બિલ્ડીંગ બાયોલોઝમાં વિકાસનાં આ સમયમાં ફેરફાર કરવા આવશ્યક જ નહીં પણ અનિવાર્ય જણાતા સુધારા વધારા સાથે નવો કાયદો ટૂંક જ સમયમાં અમલમાં મૂકવામાં આવશે.**

ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવનાર આ નવા સુધારામાં પોતાના નામે જમીન જ ના હોય એન.એ., એન.ઓ.સી. થયેલ ના હોય તેમ છતાં જમીનમાં સ્કીમ મૂકતાં ડેવલોપર્સ તથા બિલ્ડર્સની નવા પ્રકારની "મોડસ ઓપરેન્ડી"ને આ કાયદાથી ડામી શકાશે. હવેથી બિલ્ડરો સુપર બિલ્ડઅપ એરીયાને બદલે કાર્પેટ એરીયાને આધારે જ મકાન કે જ્યાં વેચી શકાય એટલે કે વાપરનાર ને ભોગવવા મળતી જમીન/જગ્યા જેટલા જ નાણાં વસૂલી શકાશે. બાંધકામના કુલ ક્ષેત્રફળની કિંમત વેચાણ લેનારે ચુકવવી નહીં પડે આનાથી જમીન મકાનના ભાવો કાબુમાં આવશે. આ નવો સુધારો આગામી બજેટ સત્ર દરમિયાન સંસદમાં રજૂ કરવામાં આવશે. આનો ભારત સરકારના આવાસ અને શહેરી વિકાસ બાબતના મંત્રાલયે તેમજ ડેવલોપર્સ અને બિલ્ડરોએ સખત વિરોધ નોંધાવ્યો છે. એવા સંજોગોમાં સંસદમાં આ ધારો પસાર થાય છે કે કેમ? તે જોવાનું રહ્યું, "ધી રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ બિલ" તૈયાર કરવામાં આવેલ છે. જેનો વાસ્તવિક ફાયદો ગ્રાહકોને થશે કારણ કે હાલમાં બિલ્ડીંગનો કુલ બાંધકામનો વિસ્તાર જે સામૂહિક વપરાશ થતો હોય તેવા વિસ્તારની કિંમત પર ખરીદનારે ચુકવવી પડે છે. જેનાથી બિલ્ડર્સ એક કરતાં વધારે પાસેથી વાસ્તવિક ખર્ચની કિંમત કરતા વધારે નાણાં પડાવી લેતાં હતાં. જો આ કાયદાનો અમલ થાય તો બિલ્ડર્સના નફાનું પ્રમાણ ઘટશે.

કોઇ પણ બિલ્ડર્સે નવી બાંધકામ યોજના અમલમાં મુકતાં પહેલાં "રીયલ એસ્ટેટ રેગ્યુલેશન ઓથોરીટી" સમક્ષ તમામ પ્રકારની વિગતો જાહેર કરવી પડશે. આ પ્રકારની ઓથોરીટી તમામ રાજયમાં તમામ શહેરમાં સ્થાપવામાં આવશે જે બિલ્ડર્સની બાંધકામ યોજનાનો સર્વે કરી તેના ઉપર બાજ નજર રાખશે, દોષિત બિલ્ડર કે ડેવલોપર્સ કંપની સામે દંડાત્મક અને શિક્ષણાત્મક પગલાં ભરી કાર્યવાહી કરવામાં આવશે. આ ઓથોરીટીની વેબસાઇટ ઉપર ડેવલોપર્સ દ્વારા સૂચિત પ્રોજેક્ટની વિગતો કાયદાકીય ફોર્મમાં જાહેર થયા બાદ જ બાંધકામ ચાલુ કરી શકાશે.

આ ઓથોરીટીનું કલીયરન્સ મેળવવામાં બેદરકારી કરનાર બિલ્ડર્સ કે ડેવલોપર્સને ૩ વર્ષની જેલ તેમજ પ્રોજેક્ટ કિંમતના ૧૦ ટકા જેટલા દંડ વસૂલ કરવાની સત્તા અને અધિકાર આપવામાં આવ્યા છે.

**કેન્દ્રિય આવાસ મંત્રીની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલ મિટીંગમાં નવો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં ક્રેડાઇ, એન.એ.આર.ડી.સી.ઓ. અને સીઆઇઆઇનાં પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. જેમણે નવા કાયદાનો ખુબ જ જોરશોરથી વિરોધ નોંધાવ્યો હતો, જોવાનું એ રહે છે કે, સાકાર બિલ્ડર્સ ડેવલોપર્સના નાણાંના જોરે ઝુકે છે કે આમ, આદમીનાં પડખે રહે છે. ગરીબ મધ્યમવર્ગ કાયમી ઘરના ઘરનાં સપનામાં ઘુંટાતો રહ્યો છે. તેવા સંજોગોમાં બિલ્ડર્સનાં 'ઘી કેળા' થતા તે હવે આમ આદમીના સપનાં પુરા કરવામાં આ નવો કાયદો કેટલો ફાયદાકારક પુરવાર થાય છે તે આવનાર સમયમાં ખબર પડશે, પરંતુ હાલમાં રીયલ એસ્